# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 30-03-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# LIC OPEN 2 DAYS

જાહેર ક્ષેત્રની વીમા કંપની લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (એલઆઈસી)ની ઓફિસો આજે અને આવતીકાલે ખુલ્લી રહેશે.

એલઆઈસી એ ગઇકાલે બહાર પાડેલા એક અહેવાલમાં જણાવ્યું હતું કે, તે કરદાતાઓને ચાલુ નાણાકીય વર્ષ 2023-24ના અંત પહેલા કર બચત પ્રક્રિયા પૂર્ણ કરવા માટે સુવિધા આપવા માટે આજે અને આવતીકાલે તેની ઓફિસો ખુલ્લી રાખશે. ભારતીય રિઝર્વ બેંક (આરબીઆઈ) એ બેંકોને તેમની નિયુક્ત શાખાઓ 30 માર્ચ અને 31 માર્ચ, 2024 ના રોજ સામાન્ય કામકાજના કલાકો સુધી સરકારી વ્યવહારો માટે ખુલ્લી રાખવાનો નિર્દેશ આપ્યા બાદ વીમા કંપની એલઆઈસીએ પણ આ નિર્ણય લીધો હતો.

જાહેર ક્ષેત્રની વીમા કંપનીએ કહ્યું કે, વીમા નિયમનકાર આઈઆરડીએઆઈ ની સલાહ મુજબ, એલઆઈસી એ આ વિશેષ પગલાને પોલિસી ધારકો સુધી વિસ્તાર કરવાનો નિર્ણય કર્યો છે. એલઆઈસી અનુસાર, પોલિસી ધારકોને કોઈ મુશ્કેલી ન પડે તે માટે, 'ઝોન' અને ડિવિઝનના અધિકારક્ષેત્ર હેઠળની ઑફિસો 30 અને 31 માર્ચે સત્તાવાર કામકાજના કલાકો સુધી સામાન્ય કામગીરી માટે ખોલવામાં આવશે.

....................................

**MATDAR JAGRUTI**

**મહીસાગર જિલ્લાની વિવિધ શાળાઓમાં સ્વીપ અંતર્ગત વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું.** મતદાર જાગૃતિ અભિયાન અંતર્ગત મહીસાગર જિલ્લા કલેકટરના માર્ગદર્શન હેઠળ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા જિલ્લાની વિવિધ શાળાઓમાં અલગ અલગ પ્રવૃત્તિઓ હાથ ધરાઈ હતી.

જે અંતર્ગત શ્રી જ્ઞાનજ્યોતિ વિદ્યાલય નવાગામ પાલ્લા શાળાના બાળકો અને સ્ટાફગણ સાથે ગામમાં મતદાર રેલી કાઢી મતદાન માટે જાગૃતિના પ્રયાસો હાથ ધરાયા હતા. મતદાન જાગૃતિ માટે સૂત્રોચાર પણ કરવામાં આવ્યા, તેમજ ગ્રામજનો અને વિદ્યાર્થીઓના વાલીઓ પાસે મતદાન માટેના સંકલ્પ પત્રો ભરાવવામાં આવ્યા હતા.

મહેસાણા જિલ્લામાં પણ સ્વીપ કાર્યક્રમ હેઠળ વધુમાં વધુ મતદાન થાય તે હેઠળ વિવિધ કાર્યક્રમો યોજાયા હતા.

.................

# MEHSANA- DUDHSAGAR DAIRY

મહેસાણાની દૂધસાગર ડેરીએ દૂધના ભાવમાં 10 રૂપિયાનો વધારો કર્યો છે.

અમારા મહેસાણાના પ્રતિનિધિ જયંતી ચૌધરીના જણાવ્યા પ્રમાણે દૂધસાગર ડેરીએ દૂધના ભાવમાં 10 રૂપિયાનો વધારો કરતાં ભાવ 810 થી

વધારીને ૪20 થયા છે. દૂધના ભાવમાં વધારો થતાં દૂધ ઉત્પાદકોને વાર્ષિક 42 કરોડ રૂપિયાનો ફાયદો થશે.

. . . . . . . . . . . .

## MAHISAGAR - TALAV

મહીસાગર જિલ્લાના વીરપુર તાલુકાના ખેડૂતોએ તળાવ ભરવાની માંગ કરી છે. અમારા મહીસાગરના પ્રતિનિધિ કૌશિક જોશી જણાવે છે કે વીરપુર તાલુકાના ખેડૂતો સિંચાઇ વિભાગ દ્વારા આસપુર ગામનું તળાવ ભરવાની માંગ કરી રહ્યા છે. ગામના બોરકુવામાં પાણીના સ્તર નીચે જતાં લોકોમાં ચિંતાની લાગણી પ્રસરી છે. જો આ તળાવ ભરવામાં આવે તો આસપાસના 15 ગામના લોકોને સિંચાઇ અને પીવાનું પાણી મળી રહે તેમ છે.

....................................

## BHAVNAGAR- AROGYA SHIBIR

ભાવનગરના  કોટડા ગામ ખાતે આરોગ્ય શિબિર કાર્યક્રમ યોજાયો હતો. જેમાં 163 ગ્રામજનોની આરોગ્ય તપાસ, બાળકોમાં હિમોગ્લોબીનની તપાસ કરી જરૂરિયાતમંદ દર્દીઓને  દવા તથા ચશ્મા વિતરણ કરવામાં આવ્યા હતા.

શિશુવિહાર પુસ્તકાલય દ્વારા શાળાને 75 બાળ પુસ્તકાલય તથા બાલ આરોગ્ય સૂત્ર ભેટ સ્વરૂપે આપવામા આવ્યા હતા.

આ પ્રસંગે શિશુવિહારની આરોગ્ય ટીમનાં ડોકટરો સહિત ગામનાં સરપંચ ઉપસ્થિતિ રહ્યા હતા.

...................................

## Narmada- Uttarvahini Parikrama

નર્મદા જિલ્લામાં આગામી તા. ૮ એપ્રિલથી ૮ મે-૨૦૨૪ એક મહિના સુધી મા નર્મદાની ઉત્તરવાહિની પરિક્રમા યોજાશે.

લાખોની સંખ્યામાં દેશભરમાંથી ભાવિકો શ્રધ્ધાળુઓ આ ઉત્તરવાહિની પરિક્રમામાં ઉત્સાહભેર ભાગ લેશે. રામપુરા રણછોડરાયના મંદિરથી પરિક્રમા શરૂ થશે પરિક્રમા પથ પર આગળ વધી પુનઃ પરત રામપુરા કીડી મકોડી ઘાટ ખાતે પહોંચીને શ્રદ્ધાળુઓ પરિક્રમા પૂર્ણ કરશે. આ પરિક્રમાની પૂર્વ તૈયારીના ભાગરૂપે જિલ્લા કલેકટર અને જિલ્લા પોલીસ અધિક્ષક અને જિલ્લા વિકાસ અધિકારીની આગેવાનીમાં સમગ્ર પરિક્રમા વૈકલ્પિક રૂટનું સંયુક્ત ટીમ દ્વારા ગઇકાલે નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

પરિક્રમાના રૂટ નિરીક્ષણ પૂર્વે કલેકટર દ્વારા તિલકવાડા મામલતદાર કચેરી ખાતે જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ સાથે પરિક્રમા સબંધિત

બેઠક યોજી પરિક્રમા સંદર્ભે કેટલીક મહત્વની બાબતો અંગે ચર્ચા-વિચારણા કારાઈ હતી. વધુમાં નર્મદા જળ સંપત્તિ અને કલ્પસર વિભાગ ગુજરાત સરકાર દ્વારા શહેરાવ અને તિલકવાડા વચ્ચે હંગામી કાચો પુલ બનાવવા માટેની સૈદ્ધાંતિક મંજૂરી શરતોને આધિન આપી હોય ત્યાં પુલ સ્વૈચ્છિક સંગઠનો દ્વારા બનશે. આ હંગામી કાચો પુલ બનતા શ્રદ્ધાળુઓ ચાલીને નદી પાર કરી શકશે.

.................

## CUET RESULT

ગુજરાત વિદ્યાપીઠમાં ચાલતા વિવિધ અભ્યાસક્રમોની કુલ એક હજાર 882 બેઠકો માટે પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવાની જાહેરાત કરાઈ છે.

આ તમામ કોર્સમાં કોમન યુનિવર્સિટી એન્ટ્રન્સ ટેસ્ટ ઉપરાંત પ્રથમ વખત વિદ્યાપીઠ દ્વારા પર એન્ટ્રન્સ ટેસ્ટ લેવાનું નક્કી કરાયું છે. કોમન ટેસ્ટ ઉપરાંત વિદ્યાપીઠ દ્વારા ગુજરાત વિદ્યાપીઠ એલિજિબિલીટી એફિશિયન્સી ટેસ્ટ ફોર એડમિશન – ગીતા લેવામાં આવશે. આ બંને પૈકી કોઈપણ પરીક્ષા આપીને પ્રવેશ મેળવી શકશે.

આ પરીક્ષા માટે વિદ્યાર્થીઓ 29મીથી લઈને 30મી એપ્રિલ સુધી ઓનલાઈન અરજી કરી શકશે.

સીયુઈટી અને વિદ્યાપીઠ એન્ટ્રન્સના ગુણાંકના આધારે આગામી 24મીથી 26મી જૂન દરમિયાન પ્રવેશ પ્રક્રિયા યોજવામાં આવશે. આગામી પહેલી જુલાઈથી નવું શૈક્ષણિક સત્ર શરૂ કરવામાં આવશે.

.................